# 'મધ્યકાલીન યુગમાં સંગીત ક્ષેત્રે જૈનોનું પ્રદાન'

- શ્રી જૉની શાહ

સમ્રાટ અકબરના સમયે આચાર્ય હીરસૂરિશ્વરજી મહારાજ થયા. તેમને સમ્રાટ અકબરના પ્રતિબોધક તરીકે આપણે જાણીએ છીએ. તેમના પછી એમના શિષ્ય વિજયસેનસૂરિ આવ્યાં. એજ સમયમાં ખંભાતમાં એક કવિ ઋષભદાસે હીરસૂરિ મહારાજના કાળક્રમના સમયે 'હીરસૂરિ રાસ'ની રચના કરી. આ રાસ ખૂબ જ અનન્ય છે. જેમાં હીરસૂરિ મહારાજનું જીવન, કવન અને કાર્યની સાથે-સાથે દોહાનો સમાવેશ થાય છે. તેમાં મંગલાચરણમાં સરસ્વતી માતાનાં કેટલાંક નામો ગૂંથી લીધાં છે.

- **મંગલાચરણનો દુહો:**

**સરસ્વતી ભાષા ભારતી, ત્રિપુરા શારદ માય,**
**હંસગામિની બ્રમ્હસુદા, પરણું તારા પાય,**
**બ્રહ્માણી, બ્રહ્મચારિણી, બ્રહ્મવાદિની માત,**
**દેવકુમારી, ભગવતી, તું જગમાં વિખ્યાત,**
**હંસવાહની, હર્ષતી, આપે વચન વિલાસ,**
**વાઘેશ્વરી વદને રમે, પહોંચે મનની આશ.**

- **મંગલાચરણની ૧૪મી અને ૧૫મી કડી:**

**પ્રથમરાય ઋષિ કેવળી, પ્રથમ ભિક્ષા ચરજાન,**
**યુગલા ધર્મની વારિયો, પ્રથમે દી ભૂદાન,**
**દેશનગર પૂરવાસીયા, પરણિયા પ્રથમ ઝીનોધ,**
**કળાકર્મ સહુ શીખવ્યું, સકળ લોક આનંદ.**

જૈન શાસ્ત્રોની પૌરાણિક માન્યતા એ રહી છે કે ઋષભદેવ ભગવાન જયારે રાજ્યકારભાર સંભાળતા હતાં ત્યારે એમણે પુરુષોની ૭૨ કળા અને સ્ત્રીઓની ૬૪ કળા શીખવી એ આ દુહામાં જોવા મળી છે.

કવિ ઋષભદાસે એક ઢાળમાં એ વખતે પ્રચલિત ૬ રાગ અને ૩૬ રાગિણીના નામો ગૂંથી લીધા છે. તે આ મુજબ છે:

**ઋષભ કહે શટ રાગ ધરી, જેણે નવી જાણ્યા નામ,**
**નવી સુણ્યા, નવી ઓળખ્યા, શિવ સાધ્યું તેણે કામ.(૧)**

**તું શ્રી રાગ ન સમજ્યો, નહીં પંચમ નહીં નટ,**
**મેઘ, વસંત, ભૈરવ નહીં, ભુલો ભૂણી આ વટ.(૨)**

આમાં છ મુખ્ય રાગનાં નામ આપ્યા છે.

- **શ્રી**
- **પંચમ**
- **નટ**
- **મેઘ**
- **વસંત**
- **ભૈરવ.**

આપણી ગઈ શતાબ્દીમાં વિષ્ણુ નારાયણ ભારખંડેએ રાગોનું વર્ગીકરણ થાટ શબ્દથી કર્યું છે. પ્રાચીન ભારતનાં સંગીતમાં રાગ અને રાગિણીની પદ્ધતિ હતી. એમાં પણ અલગ-અલગ મત જોવા મળ્યાં છે. ભૈરવ, માલકૌંસ, હિંડોલ, દિપક, શ્રી, મેઘ તેવાં છ રાગો હતાં. દરેક રાગની પાંચ-પાંચ રાગીણી મળીને ઉલ્લેખ ૩૬ રાગ-રાગિણીનો થયો હતો. જ્યારે સોમેશ્વર અને બ્રહ્મા જેવા વિદ્વાનોના મત પ્રમાણે છ મૂળ રાગો શ્રી, વસંત,પંચમ, ભૈરવ, મેઘ, નટ-નારાયણ અને દરેકની છ રાગિણીઓ છે. સોમેશ્વર મતને જૈન ધર્મમાં અનુસર્યો છે. ઋષભદાસ પણ જે છ રાગના નામ આપ્યાં તે સોમેશ્વર અને બ્રહ્મા રાગને અનુરૂપ છે.

- <u>દુહો</u>:

**મેઘમલ્હાર મનીવર્યો, નગમે તસ્ય અન્ય રાગ,**
**જીનશંકર સુર ફરી ફરી, ગલે ધરન્તો નાગ.**

આ દુહામાં મેઘમલ્હાર રાગનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. આખી ઢાળમાં આવા અલગ-અલગ રાગના દુહાઓ રચ્યાં છે. શાસ્ત્રીય સંગીતના શોખીન માટે આ ઢાળ એક ઉદાહરણ છે. જૈન ધર્મના આગમોમાં સંગીતની ખૂબ જ માહિતી મળી આવે છે. જે શ્રી સ્થાનંગ સૂત્ર છે તેમાં સાત સ્વરોની વિસ્તૃત માહિતી મળી આવી છે.

એક જૈન માન્યતા અનુસાર ભગવાન મહાવીર માલકૌંસ રાગનાં દેશના આપતાં. માલકૌંસ રાગનું ખુબ મહત્વ છે. માલકૌંસના સ્વરોના રાગની ભારતમાં બે પદ્ધતિ છે.

- **ઉત્તર હિંદુસ્તાની**
- **કર્ણાટકી.**

તે જ રાગ SOUTHમાં ગવાય છે પણ તેણે તે હિંડોલા રાગ કહે છે.

- **<u>કરે મંદોદરી રાણી નાટક......</u>**

**કરે મંદોદરી રાણી નાટક, રાવણ તત્વ જાવે રે,**
**માદલ વીણા, તાલ, તંબૂરો, પ્રકવ ઠમઠમ કાવે રે, કરે મંદોદરી........**

**ભક્તિ, ભાવના ટકયમ કરતાં ત્રુટિ તાત ચાલે રે,**
**સાંધ્યા પણ સાનિધ્ય કરતી, લઘુ કલા તાત્કાલે રે, કરે મંદોદરી.......**

**દ્રવ્ય ભાવ ભક્તિ ભક્તિ નવી ખંડી, તો અક્ષર પદ સાંધ્યો રે,**
**સમક્તિ સૂર તારું ફલ પામીને, તીર્થંકર પદ બાંધ્યું રે, કરે મંદોદરી..........**

**એણી પહેરે જે ભવી જનજીવન લાગે, ભલી પ્રભાવના ભાવે રે,**
**જ્ઞાનવિમલ ગુણ તેમના રે, અહનિશસુર નર ગાવે રે, કરે મંદોદરી........**

આ પ્રાચીન સ્તવન છે રાવણ અને મંદોદરીની આ માન્યતા ખૂબ જ પ્રચલિત છે. તેઓ અષ્ટાપદ પર ભક્તિ કરી રહ્યા હતા. મંદોદરી નૃત્ય પૂજામાં લીન હતાં અને રાવણ વીણા વગાડતા હતા. ત્યારે અચાનક વીણાનો તાર તૂટી ગયો એને કારણે મંદોદરીના નૃત્ય ભક્તિમાં ખલેલ ન પડે તેના માટે રાવણે પોતાની નસ ખેંચીને તારની જગ્યાએ વીણામાં બાંધી. આ ભક્તિને કારણે તેમણે તીર્થંકર નામકરણ બાંધ્યું. આ કથા ખૂબ જ જાણીતી થઇ. આવા સ્તવનમાં જ જ્ઞાનવિમલસુરેશ્વરજીએ રચના કરી છે. જે લોકસંગીતના ઢાળમાં ગવાય છે. ગુજરાતમાં નરસિંહ મહેતાના પ્રભાતિયા પણ આ ઢાળમાં પ્રસ્તુત થયાં છે.

મધ્યકાલીન સમયે કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબની એક રચના શબ્દકોશ અભિધાન ચિંતામણી નામમાલામાં પણ સંગીતનાં સૂરો, વાંજિત્રોને લાગતાં શ્લોકો છે. સાત સ્વરોના નામ એ શ્લોકમાં છે. સાતે સ્વરોના લક્ષણો પણ આગમ ગ્રંથોમાં મળી આવે છે.

## ➢ <u>રાયપસેણીય સૂત્ર:</u>

જૈનધર્મનું આગમ 'રાયપસેણીય સૂત્ર'માં લગભગ ૬૦ વાજિંત્રોના નામ આપવામાં આવ્યાં છે. તે વાજિંત્રોને ચાર વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

- **૧) તતવાદ્ય (તંતુવાદ્ય) : જે તારથી વાગે.**
- **૨) ઘનવાદ્ય : મંજીરા, ઘંટ, ઝાલર, ઘુંઘરી**
- **૩) વિતતવાદ્ય : ઢોલક જેવું, ચામડાંથી મઢેલું**
- **૪) શુશીરવાદ્ય : શરણાઈ, વાંસળી**

હેમચંદ્રાચાર્યએ શબ્દકોશમાં એક શ્લોકથી આ ચાર વિભાગનો ઉલ્લેખ કર્યો છે. જેમાં વિતતવાદ્યને એ શ્લોકમાં આનદ્ય નામ આપ્યું છે. જેને અવનદ્યવાદ્ય પણ કહેવાય છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પછી લગભગ ૧૩-૧૪મી સદીમાં કેટલાંક અદભુત સંગીતને અનુરૂપ પ્રાચીન ગ્રંથો રચાયાં છે. ઈ.સ.૧૩૦૦માં શ્રી પાશ્વચંદ્રજી દિંગબરે 'સંગીત સમયસાર' નામનો ગ્રંથ લખ્યો છે. જે લગભગ ૧૦ અધ્યાયમાં રચાયો છે. સંગીતની પ્રાચીન વ્યાખ્યા મુજબ ગાયન, વાદન અને નર્તન ત્રણેને સંગીત કહે છે. દરેક ગ્રંથમાં આ ત્રણે વિશેની માહિતી જોવા મળે છે.

## ➢ વીણાવાદન ગ્રંથ, શ્રી દેવગુપ્ત સૂરિજી:

આ ગ્રંથનાં કર્તા વીણાવાદનમાં ખૂબ પ્રવીણ હતાં. અગરચંદજી નાહટાએ એક જૈન સત્યપ્રકાશમાં નોંધ કરી છે કે શ્રી દેવગુપ્ત સૂરિજીએ વીણાવાદનને જ ભક્તિનું માધ્યમ બનાવ્યું. એ જે સંઘમાં ગયાં હતાં ત્યાં તે પોતે વીણાવાદન કરતાં હતાં ત્યારે એ સંઘના શ્રાવકોને તે ન ગમ્યું એટલે તેમણે આચાર્ય ભગવંતને કહ્યું કે "વીણા વગાડવાનું છોડી દો". તો એ સમયે આચાર્ય ભગવંતે એ સંઘ અને શિષ્યોને છોડી દીધા પણ વીણાવાદન ના છોડ્યું. આ નોંધ અગરચંદ નાહટાએ કરી.

## ➢ સંગીત મંડન ગ્રંથ:

મંડનમંત્રી હતાં. જે શ્રાવક કવિ અને સંગીતના ખૂબ જાણકાર હતાં. એમણે આ ગ્રંથની રચના કરી.

## ➢ સંગીતોપનિષદ્ અને સંગીતોપનિષદ્સાર ગ્રંથ, વાચનાચાર્ય શ્રી સુધાકલશ:

સંગીતરત્નાકર જેવો ગ્રંથ સંગીતોપનિષદ્ છે. કારણકે એ ગ્રંથ પહેલે રચાયો અને પછી સુધાકલશજીએ એનો સાર લઈને બીજો ગ્રંથ રચ્યો છે. ૧૯૬૧માં બરોડાથી એ પ્રકાશિત થયો. ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ એનું પ્રકાશન કર્યું. ઉમાકાંતભાઈ પ્રેમાનંદ શાહે એનું સંપાદન કર્યું છે. સંગીતોપનિષદ્ની રચના ઈ.સ.૧૩૨૪માં થઇ અને સંગીતોપનિષદ્સારની રચના ઈ.સ.૧૩૫૦માં થઈ. સંગીતોપનિષદ્સારોધારના એક શ્લોકમાં તાલરત્નાકર નામનો તાલ જોવા મળ્યો છે. એ ૬૦ માત્રાનો તાલ છે.

આ ગ્રંથમાં નૃત્યના શ્લોકનો પણ સમાવેશ થાય છે. જૈન દેરાસરોમાં સ્થાપત્ય કળામાં દેલવાડાના દેરાસર, સારંગા, શંખેશ્વર પાર્શ્વનાથનું મંદિર, કુંભારિયા, રાણકપુરમાં જે શિલ્પો છે, તેમાં ઘણા સંગીતના વાજિંત્રો અને નૃત્યની છટા જોવા મળે છે.

## ➢ રાગોપનિષદ્ ગ્રંથ:

રાગોપનિષદ ગ્રંથનું સંપાદન આચાર્ય તીર્થભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે કર્યું છે. જેમાં લગભગ ૨૪ રાગમાળાઓ સંકલિત કરી છે. રાગમાળા એટલે ૬ રાગોની એક શ્રેણી બનાવવામાં આવે અને એમાં નાના-નાના પદોને અલગ-અલગ રાગમાં ગૂંથી લેવામાં આવે. જેમાં ભગવાનના કલ્યાણકોની પણ વાત કરવામાં આવે. લગભગ ૧૬મી શતાબ્દિથી રાગમાળાનો પ્રકાર ખેડાવવાનો શરૂ થયો હતો. રાગોપનિષદ ગ્રંથમાં આવી ૨૪ રાગમાળાઓને હસ્તપ્રતોમાંથી શોધી તીર્થભદ્રસૂરીએ તેનું પ્રકાશન કર્યું છે. આ રાગમાળા

વિશે શીલચંદ્રસૂરિ મહારાજે એક વાક્ય કહ્યું છે, 'ભક્તિકર્મ, કવિકર્મ, સંગીતકર્મ અને ભાષા કર્મનો સરવાળો એટલે રાગમાળા'. આ ગ્રંથમાં આચાર્યશ્રી ભગવંતે જોયું છે કે જે રાગનું સ્તવન હોય એના વિશે તેની શાસ્ત્રીય માહિતી આ ગ્રંથમાં આપેલી હોય છે.

- **ન્યાયસાગરજી કૃત શ્રી મહાવીરજીની રાગમાળા :**

ન્યાયસાગરજીનો જન્મગાળો વિક્રમ સંવત ૧૭૨૮થી ૧૭૯૭ છે. વિક્રમ સંવત ૧૭૮૪માં એમણે રાદેરમાં આ રાગમાળાની રચના કરી છે. એનું ૧૫મું સ્તવન રાગ શ્રીમાં છે.

- **"ધનનગરી ધનનગરી"**

**ધનનગરી,ધનનગરી, (૨) પ્રભુ વિચરે તે ધનનગરી,(૨)**
**ધન તે દેશ ગામ શાખા, પૂરધન મંદિર એ ધનનગરી**
**ધનનગરી, ધનનગરી.....**
**ધન તે ભૂપ રૂપ અતિ સુંદર, ધન તે સચિવ, ધનનગરી.**
**નિજ શ્રી રાઘબ રે બહુ ખરચી, જે નીત પૂજે પ્રભુ પગરી.**
**ધનનગરી, ધનનગરી......**

આ પંક્તિમાં જે રાગ દર્શાવ્યો હોય તેનું નામ પણ આ પંક્તિમાં વણી લેવામાં આવતો હોય છે.

- **"સોઈ સોઈ સારી રૈન ગુમાઈ....."**

**સોઈ સોઈ સારી રૈન ગુમાઈ,**
**બૈરન નિદ્ર તું કહાં સે રે આઈ,**
**સોઈ સોઈ....**
**નિદ્રા કહે મૈ તો બાલી રે ભોલી,**
**બડે બડે મુનિજનકું નાખુ ડોલી,**
**સોઈ સોઈ.....**
**નિદ્રા કહે મૈ તો જમકી દાસી,**
**એક હાથ મુક્તિ ઔર દુજે હાથ ફાંસી,**

**સોઈ સોઈ.....**

**સમયસુંદર કહે સુનો ભાઈ બનીયા,**

**આય મુખે સારી ડૂબ ગઈ દુનિયા,**

**સોઈ સોઈ.....**

આ પંક્તિ સમયસુંદરજી રચિત તોડી રાગમાં છે.

- **<u>આનંદઘનજીનું પદ (ભૈરવ રાગના સ્વરો પર આધારિત)</u>**

- **<u>"ક્યાં સોવે ઉઠજાગ બાવરે"</u>**

**ક્યાં સોવે ઉઠજાગ બાવરે,(૨)**

**અંજલિ જલ જો આયુગ તટ હૈ,(૨)**

**દેત પહરીયા ઘરીય ગાવું રે,**

**ક્યાં સોવે રે........**

**ઇન્દ્ર ચંદ્ર નાગિન્દ મુનીચલ,**

**કોના રાજાપતિ, સાહુરાહુ રે,**

**ભાગવંત ભજન બીન ભાવન રે,**

**ક્યાં સોવે રે.......**

ભગવાનનું ભજન જ આપણને ભવસાગરથી પાર લઇ જશે એ મુખ્ય વાત આ પદમાં કરી છે.

- **<u>વૃંદાવનદાસજી</u>**

વૃંદાવનદાસજી દિગંબર કવિ થઈ ગયા. તેમણે પણ ઘણી પૂજાઓની રચના કરી છે. તેમની વર્તમાન ચોવીસી પૂજામાં વર્ધમાન જિનપૂજા આવેલી છે. તેમનો જન્મ ૨૦૦ વર્ષ પહેલા બિહારના કોઈ ગામમાં વિક્રમ સંવત ૧૮૪૨માં થયો હતો. જ્યારે જ્યારે તે દેરાસરમાં દર્શન કરવાં જતાં ત્યારે ત્યારે એ નવી સ્તુતિની રચના કરતાં. તેમણે મહાવીરની એક પૂજામાં સુંદર સંગીતનું વર્ણન કર્યું છે. તે ત્રોટક છંદમાં છે.

**પૂનીના ચતરંગ ઉમંગ ભરી,**

**દૃવભક્તિ વિશે પગહેમ ધરી,**

**જનન-જનન-જનનન-જનન,**

સૂર લેત તહાં તનન-તનન,

ઘનન-ઘનન, ઘન ઘંટ બજે,

ધ્રૂમદમ ધ્રૂમદમ નીર દંગ સજે.

ગગના નગનગર્ભ ગતાસૂ ગતા,

તતા-તતા, વીતતાં-વીતતાં,

જુગતાંગ, જુગતાંગ, ગતિ બાજત હૈ,

સૂરતાલ, રસાલ, જૂ છાજત હૈ.

**સન-સન-સનન નભે,**

ઈક રુપ અનેક જુધારી ભ્રમે,

કિન્નર સૂર બીન બજાવત હૈ,

તૂમરો જસ ઉજ્વલ ગાવત હૈ.

કરતાલ વિષય, કરતાલ ધીરે,

સૂરતાલ વિશાલ જૂનાધ રે,

દિન આદિ અનેક ઉછાલ ભરી,

સૂર ભક્તિ કરે પ્રભુજી તુમરી,

તુમ્હી જુગજીવન કે પીતુ હો,

તુમ્હી વિનકારને તેહતુ હો.

- **<u>શ્રીપાલ રાસની ઢાળ:</u>**

શ્રીપાલ રાસ ઢાળની રચના લગભગ ૨૫૦ વર્ષ પહેલા થઈ. ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજ સાહેબે આ રાસ રચવાની શરૂઆત કરી. ૭૫૦ રચનાઓ તેમણે તે સમયે રચી. ત્યારબાદ યશોવિજય મહારાજ સાહેબે આ રાસની પૂર્ણાહુતિ કરી. આ રાસની છેલ્લી પંક્તિઓમાં ઉપાધ્યાય મહારાજજી કહે છે કે આ રાસ રચતા રચતા તેમને પરમતત્વની અનુભૂતિ થઈ અને તેને માટે જ આ રાસ ખૂબજ ગવાય છે. તે ઢાળ દેશીઓ હમણાં પણ ગવાય છે.

*****************************